# વડગામ તાલુકાના ભલગામમાં ૯ જનાજા નિકળતાં ગામ હિબકે ચઢયું

## સિપાઈ પરિવારના નવ સભ્યોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા

**સવારે ભલગામ ખાતે જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેના, પૂર્વ જિલ્લા પંચાયતના સદસ્ય બાલકૃષ્ણ જીરાલા, વડગામના પૂર્વ ધારાસભ્ય મણીભાઈ વાઘેલા, વડગામ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ માનસંગભાઇ ઉપલાણા, અજીતસિંહ હડીયોલ, સહીત ભાજપ કૉંગ્રેસના આગેવાનો દોડી આવીને મૃતકોને મૌન પાળીને શ્રધ્ધાંજલિ અર્પણ કરીને હતી અને સરકાર દ્વારા અકસ્માતનો ભોગ બનેલા સિપાઈ પરિવારને સરકાર દ્વારા તાત્કાલિક સહાય ચુકવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.**

● ● ●

**અંતિમ વિધિ માટે કબર ખોદવા જેસીબી લાવીને નવ કબર ખોદાવીને માનવતાના દર્શન કરાવ્યા**

**નવિસેધણી ગૃપ ગ્રામ પંચાયતના સદસ્ય અને સમાજીક કાર્યકર લક્ષ્મણભાઇ પટેલ દ્વારા મોડીરાત્રે જેસીબી લાવીને ૯ કબર ખોદાવીને કોમી એખલાસનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.**

● ● ●

**બીલકીશબેનના લગ્ન એક મહીના પહેલાં જ થયા હતા પરણીતા પણ અકસ્માતમાં મોતને ભેટતા કુટુંબીજનોમાં ભારે ગમગીની ફેલાઇ છે.**

● ● ●

**સીએમ વિજયભાઈ રૂપાણી અને પીએમ નરેન્દ્રભાઈ મોદીએ દ્વારા ટ્વીટ કરીને મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવવામાં આવી છે અને મુખ્યમંત્રી દ્વારા મૃતકો અને ઘાયલોને સહાય ચુકવવાની પણ જાહેરાત કરાઈ હોવાનું જાણવા મળેલ છે.**

વડગામ તાલુકાના ભલગામ ગામમાં વહેલી સવારે સિપાઈ પરિવારના ૯ સભ્યોના એક સાથે જનાજો નિકળતા ગામ આખુંય હિબકે ચઢ્યું હતું. ભલગામ સહિત આસપાસના ગામડાઓમાં મોતનો માતમ છવાઈ ગયો હતો અને અકસ્માતમાં ભોગ બનેલા કમનસીબ મૃતકોની યાદમાં મૌન પાળીને શ્રધ્ધાંજલિ આપી હતી.

ભલગામમાં રહેતા સિપાઈ પરિવારના ૪૦ જેટલા લોકો ઈદની ખુશી મનાવવા દાંતા નજીક આવેલા અંતરશા પીરની દરગાહએ દર્શન કરવા માટે ગયા હતા. દરગાહના દર્શન કર્યા બાદ તમામ લોકો પીકઅપ ડાલામાં અંબાજી ફરીને સાંજે ભલગામ પરત આવી રહ્યા હતાં તે સમયે અંબાજી દાંતા નજીક આવેલા ત્રિશૂલીયા ઘાટ પાસે પીકઅપ ડાલાની બ્રેક ફેલ થઈ જતાં ડાલુ પલ્ટી ખાઈ જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અને પીકઅપ ડાલામાં બેઠેલા ૪૦ જેટલા લોકોમાંથી ૯ ના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. ગોઝારા અકસ્માતની વાત વાયુવેગે પ્રસરી જતાં લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે તેમજ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ઉમટી પડ્યા હતા. મૃતકોને દાંતા સિવિલમાં પીએમ અર્થે લઈ જવાયા હતા જ્યારે ઘાયલ લોકોને પાલનપુર સિવિલમાં સારવાર માટે લવાયા હતાં જેમાં ૨૫ જેટલાં લોકોને પાલનપુર સારવાર આપવામાં આવી હતી અને ૬ વ્યક્તિઓની હાલત વધુ ગંભીર જણાતાં મહેસાણા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. મોડી રાત સુધી જિલ્લા વિકાસ અધિકારી, કલેકટર, વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ, દિનેશભાઈ ગઢવી, જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સકસેના,ભરતભાઈ પરમાર, સહીત ભાજપ કોંગ્રેસના પદાધિકારીઓ સાથે માનવ સેવા સાથે સંકળાયેલા લોકો ખડેપગે રહીને ઈજાગ્રસ્તોને સારવાર અપાવવા ભારે મહેનત કરી હતી.




મોડીરાત્રે મૃતકોની ડેડબોડીઓને ભલગામ લવાઈ હતી અને વહેલી સવારે અંતિમવિધિ કરાઈ હતી. નવ જનાજા સાથે નિકળતાં ગામ હિબકે ચઢ્યું હતું આસપાસના ગામોમાંથી લોકો અંતિમ વિધિમાં જોડાયા હતા.



### ઘાયલોની યાદી

સોકતભાઈ ઈકબાલભાઈ સિપાઈ (૩૨)
નજમા આમીનભાઈ સિપાઈ (૨૦)
સાહીલ કેશરભાઈ સિપાઈ (૨૫)
ઈદ્રીસ અબ્દુલભાઈ સિપાઈ (૨૧)
સુમૈયા અસરફભાઈ સિપાઈ (૧૯)
સમીર અસરફભાઈ સિપાઈ (૧૧)
આમીનભાઈ ભીખુભાઈ સિપાઈ (૨૭)
અનીશાબેન અબ્દુલભાઈ સિપાઈ (૧૭)
રિઝવાના ઈબ્રાહિમભાઈ સિપાઈ (૧૬)
અસ્મીના જાકીરભાઈ સિપાઈ (૨૫)
મનીહાજ મકબુલભાઈ સિપાઈ (૧૨)
મહોબત સિકંદરભાઈ સિપાઈ (૧૩)
આયેશા નસીમભાઈ સિપાઈ (૧૩)
કેશરભાઈ અજુભાઈ સિપાઈ (૫૦)
રાહીલ સોકતભાઈ સિપાઈ (૧૦)
ફરહાન આમીનભાઈ સિપાઈ (૧૦)
સાહિસ્તા શબ્બિરભાઈ સિપાઈ (૪)
નફીસા કેશરભાઈ સિપાઈ (૫૦)
તસ્લીમબેન કેશરભાઈ સિપાઈ (૧૮)
સકીના યુનુસભાઈ સિપાઈ (૩૦)
સાહેરા સિપાઈ (૧૦)
રાહીલ સોકતભાઈ સિપાઈ (૫)
ઈરફાનાબેન નસીરભાઈ સિપાઈ (૧૬)
હિદાયત અબ્દુલભાઈ સિપાઈ (૧૮)
મહેમુદાબેન ગુલાબભાઈ સિપાઈ (૫૫)

કમનસીબ મૃતકોની યાદી


મરીયમબેન માંજુભાઈ સિપાઈ (૪૫)
રેહાનાબાનુ ઈદ્રીસભાઈ સિપાઈ (૨૧)
બિલકીશબેન આરીફભાઈ સિપાઈ (૨૨)
મકસુદાબેન ભીખુભાઈ સિપાઈ (૨૦)
અસરફભાઈ અંબુભાઈ સિપાઈ (૪૫)
રસીદાબેન અસરફભાઈ સિપાઈ (૧૯)
મુનતસીરા સલીમભાઈ સિપાઈ (૧૨)
સુફીયાબેન નસીબ ભાઈ સિપાઈ (૧૭)
ઈશાનાબેન સિકંદરભાઈ સિપાઈ (૧૬)

# મોડાસાના ટીંટોઈ ગામમાં તસ્કરોનો ખળભળાટ

**૪ મકાનોમાં લાખ્ખોની લૂંટ ચલાવી રફુચક્કર**

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાનું ટીંટોઈ ગામ



તસ્કરો માટે ગોકુળિયું ગામ બની રહ્યું છે. તસ્કર ટોળકી સતત ટીંટોઈ ગામમાં મકાનો અને દુકાનોમાં સમયાંતરે ત્રાટકી લાખ્ખો રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ જતા છાસવારે બનતી લૂંટની ઘટનાઓથી પ્રજાજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. ટીંટોઈ ઓપીમાં ફરજ બજાવતા જમાદારની લોકસભા પૂર્વે બદલી કરતા ટીંટોઈ ગામ નધણિયાત બનતા ચોર-લૂંટારુ ગેંગને મોકળું મેદાન મળી રહ્યું છે. ટીંટોઈ ગામમાં ૩ લઘુમતી વિસ્તારના અને પટેલ ફળિયામાં આવેલ એક મકાનને નિશાન બનાવી લાખ્ખો રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવા દ્રશ્યો સામાન્ય બન્યા છે.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે તસ્કરોએ એક જ રાતમાં ચાર મકાનોમાં ચોરી કરી પોલીસને ચેલેન્જ ફેંકી હોય એવું લાગી રહ્યું છે. ટીંટોઈ ગામે ભોગ બનનાર પરિવારો ગરમીને લઈને ધાબા પર મીઠી નીંદર માણી રહ્યા હતા ત્યારે તસ્કરોએ ઘરના તાળા તોડી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. ચોરોએ ઘરમાં પ્રવેશી તિજોરીમાં રહેલો સામાન વેરવિખેર કરી તિજોરીની અંદર રાખેલ ઘરેણાં અને રોકડ રકમ મળી લાખ્ખો રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ટીંટોઈ હનુમાન મંદિર સામે પટેલ શિવુભાઈ જેઠાભાઈ પરિવાર ઘરની બાર સુઈ ગયા હતા ને ચોર મકાનના પાછળના ભાગે



દરવાજો તોડી પ્રવેશ કરી તિજોરીમાથી રોકડ રૂપિયાની ચોરી ઘરનો સમાન રફેદફ કરી લૂંટ ચલાવી ઈપ્રોલીયા સિકંદરભાઈ ઐયુબભાઈના ઘરમાં ૭૦,૦૦૦ રોકડા, પોસ્ટના ચાર સર્ટી, સોનાની વીંટી, ચુની, છડા, ઘાંચી મુસ્તુફાભાઈ યુસુફભાઈના ઘરમાંથી ૧૨,૦૦૦ રૂપિયા રોકડાં સોનાની બે બુટ્ટી, ચાંદીની લગડી, ચાર જોડ છડા, ચુની ૫ નંગ તથા આદમ કાદરભાઈ ઈબ્રાઈભાઈ ઘરમાં પ્રવેશી ૬૭ હજાર રોકડ સહીત સોના ચાંદીના દાગીના મળી અંદાજે ૧ લાખ રૂપિયાની લૂંટની ઘટનાને અંજામ અપાતા લૂંટની ઘટનાનો ભોગ બનેલા ૪ પરિવારો પર આભ તૂટી પડ્યું હતું.

ટીંટોઈ ગામમાં એકજ રાત્રિમાં ૪ મકાનોમાં ઘરફોડિયાઓએ ધાપ મારી લાખ્ખો રૂપિયાની લૂંટ ચલાવતા મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**વિવિધ પડતર માંગણીઓના ઉકેલ માટે**

# ૨૫ હજાર કર્મચારીઓના પ્રશ્ને હૈયાધારણ મળતા ગાંધીનગરમાં દેખાવોનો કાર્યક્રમ મોકૂફ રખાયો

મોડાસા, તા. ૮

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા સહિત સમગ્ર રાજયના શિક્ષા અભિયાનના કરાર આધારિત પચીસ હજાર જેટલા તાલુકાઓ અને જિલ્લામાં કર્મચારીઓ કામગીરી કારી રહ્યા છે. આ કર્મચારીઓની વિવિધ માંગણીઓના ઉકેલ માટે અનેક રજૂઆતો પછી છેલ્લે સમગ્ર શિક્ષા અભિયાન યોજનાના ડાયરેક્ટર અવન્તિકાસિંઘ દ્વારા ઘટતું કરવા હૈયાયાધારણ મળતા ગાંધીનગર ખાતે ૯મીને રવિવારે નિર્ધારિત કરેલ દેખાવોનો કાર્યક્રમ મોકૂફ રખાયો છે.

કરાર આધારિત કર્મચારીઓના ગુજરાત સંગઠનના પ્રમુખ અમિત કવિએ મોડાસા ખાતે જણાવ્યું કે શિક્ષણ અને સરકારની વિવિધ યોજનાનોઓનો પ્રચાર-પ્રસાર થાય તેવી પાયાની જવાબદારી સાથે છેલ્લા કેટલાય સમયથી ખૂબ ઓછા પગાર સાથે કામ કરતા આ કર્મચારીઓને સમાન વેતન મળે અન્ય રાજ્યોની જેમ કાયમી કરવા જેવી મંગણીઓ સાથે સરકારશ્રી અને તંત્ર સમક્ષ અનેક રજૂઆતો કરવામાં આવી હતી આમ છતાં કોઈ જ પરિણામ નહી મળતા આજે ૯મીએ આજે રવિવારે બધા કર્મચારીઓ સફેદ વસ્ત્રો ધારણ કરીને ગાંધીનગર ખાતે યોજાનાર પ્રાથમિક શિક્ષણ પ્રકલ્પ યોજનાના ઉદ્ઘાટન કાર્યક્રમમાં જવાના હતા અને આવેદનપત્ર આપી પોતાની માંગણીઓ રજુ કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું હતું પરંતુ આ મામલે શિક્ષા અભિયાન યોજનાના ડાયરેક્ટર અવન્તિકાસિંઘ દ્વારા સૌને હકારાત્મક રીતે સાંભળીને હાલ સમાધાન કરતા હાલ પૂરતા ગાંધીનગર જઈ કરવાનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો.

આમ છતાં પાછળથી પણ જો આ કર્મચારીઓના પ્રશ્નો નહિ ઉકેલવામાં આવે અને યોગ્ય વેતન સહિતની માંગણીઓ નહિ સંતોષવામાં આવે તો નવેસરથી લડત આપશે.

# પ્રાંતિજ ખાતે સિંધી સમાજ દ્વારા બાળ સંસ્કાર શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સિંધી સમાજ દ્વારા બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિંધી સિંધી સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. સિંધી સમાજના બાળકોમાં રાષ્ટ્રીય ભાવના, દેશભકિત અને સંસ્કારોનું સિંચન થાય તેમજ લુપ્ત થતી સિંધી ભાષા અવિરતપણે ચાલુ રહ્યાં હતા. સમગ્ર શિબિરનું સંચાલન તલોદના દિપુભાઈ પબરેજા, પ્રાંતિજના કમલેશભાઈ બાલાણી, સંતોષભાઈ કિમતાણી તેમજ સમાજના યુવાનોએ કર્યું



સમાજના ભૂલકાંઓ બાળકોએ ભાગ લીધો હતો, જેમાં જ્ઞાન ગમ્મત સાથે સંસ્કાર વિષેનુ જ્ઞાન બાળકોએ પ્રાપ્ત કર્યું.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ શ્રી મહાકાલી રાધલ વાડી ખાતે તારીખ બે જૂન થી આઠ જૂન સુધી ભારતીય સિંધુ સમાજ પ્રેરિત બાળ વિકાસ શિબિરનું આયોજન પ્રાંતિજ-તલોદ રહે તેવા શુભ આશયથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરના અંતિમ દિવસે પૂર્વ બાળવિકાસ મંત્રી માયાબેન કોડનાળી, સિંધી સમાજના ઉપાધ્યક્ષ ગૌતમભાઈ તર્માટ પ્રાંતિજ સિંધી સમાજના પ્રમુખ ધરમદાસ ટેકવાણી તેમજ પ્રાંતિજ, તલોદ, હિંમતનગર, ઈડરના સિંધી સમાજના આગેવાનો ઉપસ્થિત હતું. આ પ્રસંગે જમનાદાસભાઈ વકીલ, પ્રાંતિજ નગરપાલિકા કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી, નગરપાલિકા કોર્પોરેટર જગદીશભાઈ કિમતાણી અને પ્રાંતિજ સમસ્ત સિંધી સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને કાર્યક્રમનું સમાપન રંગે ચંગે કરવામાં આવ્યું હતું.

# મોડાસાની કેદારનાથ સોસાયટીમાં ગેરકાયદેસર દબાણ દૂર કરાયા

## નગરપાલિકાની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે પહોંચી

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લાનું સાબરકાંઠા જીલ્લામાં વિઘટિત થયા પછી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત આજુબાજુના ૫ થી ૭ કિલોમીટર સુધીના વિસ્તારોની



જમીનોના ભાવ આસમાને પહોંચતા દબાણો વકર્યા હોવાની સાથે જમીનો પચાવી પાડવાના અનેક બનાવો બની રહ્યા છે. મોડાસા શહેરમાં નગરપાલિકાતંત્રની બેધારી નીતિથી મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં છડે ચોક દબાણો વકરી રહ્યા છે, કેટલાક બિલ્ડરો તો પ્લોટીંગ કર્યા પછી કોમનપ્લોટ પર પણ કબ્જો જમાવી દઈ કોમ્પ્લેક્ષ અને દુકાનો રાતોરાત ઉભી કરી દીધી છે. મોડાસા શહેરની કેદારનાથ સોસાયટીમાં ગેરકાયદેસર દબાણ થતા નગરપાલિકાતંત્ર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણ દૂર કરવા પહોંચી દબાણ દૂર કરતા ભારે હોબાળો થતા નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિને વણસતી થાળે પાડી હતી.

કેદારનાથ સોસાયટી સહિતના વિસ્તારોમાં લોકોએ ડીપી રોડ સુધી બાંધકામ કરીને દબાણ કર્યું હતું, જેના પર પાલિકા દ્વારા બુલડોઝર ફેરવી દેવાયું હતું. પાલિકાની કામગીરી ચુસ્ત પોલિસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. મોડાસા નગર પાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરીમાં પાકા બાંધકામની દિવાલો તોડી પડાઈ હતી. આ સાથે જ રહેણાંક વિસ્તારમાં ચાલતી કોમર્શિયલ દુકાનોને નોટિસ પણ ફટકારાઈ હતી. રહેણાંક વિસ્તારમાં ચાલતી પાંચ કોમર્શિયલ દુકાનોને નગરપાલિકાના અધિકારીઓએ નોટિસ ફટકારી સીલ કરી દીધી છે. આ સાથે જ મોડાસાના કેટલાય રહેણાંક વિસ્તારોમાં કોમર્શિયલ દુકાનો ચાલતી હોવાની લોકમુખેચર્ચા થયેલી સાંભળવા મળી હતી, જેના પર ક્યારે કાર્યવાહી કરાશે તે એક પ્રશ્ન છે. જો કે પાલિકા દ્વારા હાલ શરૂઆત કરવામાં આવી હોય તેવું પ્રાથમિક દ્રષ્ટીએ લાગી રહ્યું છે. દબાણ દૂર કરવાની કાર્યવાહી સમયે પરિસ્થિતિ વણસે નહિં તે હેતુથી પીએસઆઈ સહિત પોલિસ કોન્સ્ટેબલનો કાફલો ખડકી દેવાયો હતો.

# ખેડબ્રહ્મા એસટી સ્ટેન્ડમાં પાણીની હાલાકી, રખડતા ઢોરોનો ત્રાસ

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્માનું એસ.ટી. બસસ્ટેન્ડ અનેક સમસ્યાઓની પરોજણમાંથી પસાર થઈ રહ્યું છે. ડેપોનો વહીવટ રામ ભરોસે ચાલી રહ્યો હોવાથી મુસાફરોને ચામડી બાળી મુકતી ગરમીમાં ઠંડુ પાણી મળવું મુશ્કેલ બન્યું છે. તેમજ ડેપોમાં રખડતા ઢોરોએ અડ્ડો જમાવ્યો



હોવાથી પ્રવાસીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

સાબરકાંઠા જિલ્લાનું ખેડબ્રહ્મા ડેપોમાં રોજના આવન-જાવન કરતા હજારો પ્રવાસીઓને પીવાના પાણીની ભારે તકલીફ ભોગવવી પડી રહી છે. અહીં પાણીની પરબ તો છે પરંતુ તેમાંથી ચામડી બાળી મૂકતું ગરમ પાણી આવી રહ્યું છે. જે પીવા માટે મુસાફરો મજબૂર બન્યા છે. લાંબા રૂટો કાપી આવતા મુસાફરો માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવા ખેડબ્રહ્મા ડેપોનો વહિવટ રામભરોસે ચાલી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

આ ઉપરાંત ડેપોમાં રખડતા ઢોરો અડ્ડો જમાવીને બેસી રહે છે. જેથી મુસાફર જનતાને ઢોરના શીંગડે ચડવાનો ભય સતાવી રહ્યો છે. આથી ઝડપમાં પડી રહેલી મુશ્કેલીઓનો અંત આવે તેવું મુસાફર જનતા ઈચ્છી રહી છે.

# કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિના પ્રદેશ પ્રવક્તાની વરણી કરાઈ

શેઠ એમ. એન. લૉ કોલેજ પાટણના આસિસ્ટન્ટ પ્રોફેસર અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ પાટણના સભ્ય અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહિલા સમન્વયના મહિલા સંયોજીકા અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણના સેનેટ મેમ્બર કુમારી ડૉ. અવનિબેન આલની કૈલાશ



માનસરોવર મુક્તિ આંદોલન સમિતિના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ રાકેશ નરવરજી અનુમતિથી કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ મુકેશભાઈ દરજીએ રાષ્ટ્રભક્ત ડૉ. અવનિબેન આલની કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિના ગુજરાત પ્રદેશ પ્રવક્તા તરીકે નિયુક્તિ કરતા ગુજરાતભરમાં આનંદની લાગણી છવાઈ છે.